ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૯/૨૧-૨૨/ 564 તારીખ : 18 FEB 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મકવાણા ભરતભાઈ ચીથરભાઈ,**
**પ્લોટ વિસ્તાર,**
**મું.વાંગર,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૪૯/૨૧-૨૨

**મો.નં- ૯૮૭૯૧ ૫૭૩૦૯.**

**વિષય : ઘર વપરાશનું એકી સાથે આપેલ મોટી રકમના વિજ બિલ બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૭/૦૯/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૩/૦૯/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૧-૨૨/૨૭૬૨ તા.૧૫/૦૯/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૧-૨૨/૨૯૩૪ તા.૩૦/૦૯/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૧-૨૨/૧૨૯ તા.૧૩/૦૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૦૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, **મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૪૯/૨૧–૨૨</u> ☜

વાદી :– **શ્રી મકવાણા ભરતભાઈ ચીથરભાઈ,**

◈ **વિરૂઘ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૯/૦૧/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી મકવાણા ભરતભાઈ ચીથરભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા**
**શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મકવાણા ભરતભાઈ ચીથરભાઈ, મું.વાંગર, તા.મહુવા, જી.ભાવનગર ની ઘર વપરાશનું એકી સાથે આપેલ મોટી રકમના વિજ બિલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૯/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૧–૨૨/૨૭૬૨ તા.૧૫/૦૯/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૯/૦૧/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મકવાણા ભરતભાઈ ચીથરભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તેમજ શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદીશ્રી મકવાણા ભરતભાઈ ચીથરભાઈ, પ્લોટ વિસ્તાર, વાંગર, તા.મહુવા,જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારૂ ઘર વપરાશનું વિજ કનેકશન ઉપર મુજબના સ્થળે આવેલ છે. તેનું બિલ નહી આવવાથી અમે અમારી વિજ કચેરી રૂરલ–૧ માં અનેક વખત કચેરીમાં જાણ કરેલ છતાં, બિલ આવેલ નહી. અમારો ધંધો ખેતી મજૂરી નો છે. અમારા વિજ કનેકશન નું મીટર ૨૦ વર્ષ માં એક વખત બદલાયેલ છે. હાલ, સુધી વિજ કનેકશન ડીશ થયેલ નથી કે રદ થયેલ નથી કે મીટર ઉતારેલ નથી, હાલમાં ચાલુ છે. કચેરીની બેદરકારીથી બિલ આવતું નથી. છતાં, તા.૧૯/૧૨/૨૦૦૧ માં હેલ્પર આવેલ કે, તમારે રૂા.૧૬૧૦/– ભરવાના બાકી છે. અમે તરત જ અમારી વિજ

કચેરી રૂરલ–૧ માં ગયેલ અને તા.૧૯/૧૨/૨૦૦૧ માં રૂા.૧૬૧૦/– પહોંચ નં–૦૪૨૨૯૯૬ થી બાકી બિલ ભરેલ સાથે રીકનેકશન રૂા.૪૦+૫૦ કુલ રૂા.૯૦/– પહોંચ નં–૦૪૨૨૫૦૨ થી ભરી આપેલ. ત્યારબાદ, બિલ આપેલ નહી. સીધી વકીલ ની નોટીસ તા.૧૬/૯/૨૦૦૩ ની આપેલ. ત્યારે, મીટર કનેકશન ચાલુ હતું ઉતારેલ નહી. ફરી લોક અદાલત નો પત્ર આપેલ કે, રૂા.૩૬૦/– લોક અદાલતમાં તા.૨૬/૬/૨૦૧૧ ના રોજ પહોંચ નં–૦૭૯૩૨૮ થી નાણાં ભરેલ ત્યારે વિજ કનેકશન ચાલુ હતું.

૧.૩ તા.૧૪/૯/૨૦૦૯ માં પ્રફોર્મા–૧૫ નં–૩૭૬૩૬ થી મીટર બદલાવેલ અને પ્રફોર્મા માં જણાવેલ કે, ૫ વર્ષ થી બિલ આવતું નથી. નોન બિલીંગ તથા બિલ આપેલ નહી. હું જુ.ઈ. ભાવેશ ઝીંજાળા પાસે ગયેલ કે મારે બિલ આવતું નથી હું ધકકા ખાઈને કંટાળી ગયેલ છું. તેમને મને આશ્વાસન આપીને તગેડી મૂકેલ કે, હવે પછીથી બિલ આવી જશે. છતાં, બિલ આપેલ નહી.

૧.૪ તા.૨૦/૧/૨૦૧૬ ના હેલ્પર આવેલ અને પ્રફોર્મા–૧૫ નંબર – ૪૦૭૮ ભરેલ તેમાં જણાવેલ કે, નોન બિલીંગ છે. માર્ચ–એપ્રિલ–૨૧ નું તા.૧૩/૫/૨૦૨૧ નું બિલ આપેલ તેમાં, કેટલા વર્ષ કેટલા મહિના કેટલા દિવસ નું બિલ માં લખેલ નથી.

૧.૫ જયાં સુધી ઉપલી કચેરીનો હુકમ ન આવે ત્યાં સુધી વિજ કનેકશન કાપવું ઉતારવું નહી. અથવા ૨૦ વર્ષ નો ફકત મીનીમમ ચાર્જ નું બિલ આપવું જોઈએ.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર નું નામ– શ્રી મકવાણા ભરતભાઈ ચીથરભાઈ
ગ્રાહક નં–૩૭૦૪૬/૦૫૭૩૨/૦
કેટેગરી– RGPR, 0.5 KW

૨.૨ વાદીશ્રી મકવાણા ભરતભાઈ ચીથરભાઈ, પ્લોટ વિસ્તાર, વાંગર, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ. તેઓને સૌ પ્રથમ રહેણાંક હેતુ માટેનું વિજ કનેકશન લગાડેલ. જેનો મીટર નં–૫૨૫૦૦૦૫ અને ગ્રાહક નં–૩૭૦૪૬/૦૦૧૮૬/૩ છે.

૨.૩ સદર ગ્રાહકનું વિજ બિલ રૂા.૧૬૧૦/– બાકી હોવાથી, વાદી દ્વારા સદર બિલ રીકનેકશન સાથે તા.૧૯/૧૨/૨૦૦૧ ના રોજ પહોંચ નં–૦૪૨૨૯૯૬ થી રૂા.૧૬૧૦/– તેમજ પહોંચ નં–૦૪૨૨૫૦૨ થી રૂા.૯૦/– ભરેલ. સદર કનેકશન તા.૩૦/૪/૨૦૦૨ ના રોજ પીડીસી કરેલ હતું. વાદી દ્વારા લોકઅદાલતમાં રૂા.૩૬૦/– પહોંચ નં–૦૭૯૩૨૮ તા.૨૬/૬/૨૦૧૧ ના રોજ ભરેલ. સદર ગ્રાહક એલ.ટી.બિલીંગમાંથી ડીલીટ થઈ ગયેલ છે.

૨.૪ સદર ગ્રાહક નું વિજ કનેકશન નોન બિલીંગ હોવાથી સાથે જોડેલ પ્રફોર્મા–૧૫ મુજબ તા.૧૪/૯/૨૦૦૯ ના રોજ બદલાવેલ ત્યારે, મીટરમાં રીડીંગ ૩૧૨૨ હતા. અને સદર મીટર નું લેબ પરીક્ષણ તા.૧૨/૧૧/૨૦૦૯ ના રોજ કરતા, મીટર OK માલૂમ પડેલ છે. જેનો લેબ પરીક્ષણ બીજી કોપી આ સાથે સામેલ છે અને નવું મીટર ૦–૦ રીડીંગ થી લગાડેલ. જેનો મીટર નં–૦૦૦૫૩૭૧૨ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૫ ત્યારબાદ, પ્રફોર્મા–૧૫ તા.૧૨/૧/૨૦૧૬ મુજબ સદર વાદીનું વિજ કનેકશન નોન બિલીગ છે, તેવું દર્શાવેલ છે જેમાં, રીડીંગ ૩૩૧ દર્શાવેલ છે.

૨.૬ સદર ગ્રાહક એલ.ટી.બિલીંગમાંથી ડીલીટ થઈ ગયેલ હોવાથી, તા.૧૩/૧/૨૦૨૧ ના રોજ સદર ગ્રાહક નું નવું ક્રીએશન કરેલ અને જેનો ગ્રાહક નં–૩૭૦૪૬/૦૫૭૩૨/૦ છે. અને તેમાં ૨૦૦૯ થી જે વાદીએ વિજ વપરાશ કરેલ હતો તે મુજબ સળંગ યુનિટ ૧૨૫૭૦ નું રૂા.૮૮,૬૯૫/૦૩ નું વિજ બિલ આપેલ.

૨.૭ ત્યારબાદ,સદર વાદીનું વિજ બિલ પ્રો–રેટા મુજબ તા.૧૪/૯/૨૦૦૯ થી ગણતરી કરતા, રૂા.૬૦,૦૨૨/૪૧ નું બિલ બનેલ છે. અને રૂા.૨૮,૬૭૨/૬૨ ગ્રાહક ના લેઝરમાં તા.૨૩/૧૧/૨૦૨૧ ના રોજ આઈ.ડી. નં–૨૮૫૪ ૩૭૮૮ થી જમા આપેલ છે. રીવાઈઝડ બિલ ની કોપી તેમજ ગણતરી નું સ્ટેટમેન્ટ આ સાથે સામેલ છે.

૨.૮ ત્યારબાદ, સદર વાદીનું વિજ કનેકશનનું મીટર નં–૦૦૦૫૩૭૧૨ તા.૮/૧૦/૨૦૨૧ ના રોજ બદલાવેલ. જેમાં, રીડીંગ ૧૩૧૮૨ છે. પ્રફોર્મા–૧૫ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૯ ત્યારબાદ, સદર મીટર વાદીની હાજરીમાં તા.૮/૧૦/૨૦૨૧ ના રોજ લેબ પરીક્ષણ કરેલ. જેમાં, મીટર ફોલ્ટી આવેલ અને રીડીંગ ૧૩૧૯૭ આવેલ છે.

૨.૧૦ આમ, વાદીને સદર ઘરવપરાશના વિજ બિલ ના બાકી લેણાં ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ શ્રી મકવાણા ચીથરભાઈ ટપુભાઈ, ગ્રાહક નં– ૩૭૦૪૬/૦૫૭૩૨/૦ થી વિજ જોડણ ધરાવે છે. સદર વિજ જોડાણ તા.૧૪/૯/૨૦૦૯ ના રોજ ચાલુ કરવામાં આવેલ હતું. પરંતુ, તેનું પ્રથમ બિલ ખૂબજ વિલંબ થી એટલે કે, તા.૮/૩/૨૦૨૧ ના રોજ બનાવેલ છે.

૩.૨ સદર વિજ જોડાણ નું પ્રથમ બિલ ૧૧૪ યુનિટ નું ''લોક'' સ્ટેટસમાં બનાવેલ હતું. ત્યારબાદ, સદર વિજ જોડાણ નું બીજું બિલ ૧૨૫૭૦ યુનિટ નું બનાવેલ હતું. તે દરમ્યાન મીટર માં રીડીંગ ૧૩૧૮૨ હતું અને તે લેબ માં ટેસ્ટ કરતાં, ૧૩૧૯૭ રીડીંગ યુનિટ બતાવે છે.

૩.૩ અરજદારને છેલ્લું સદર વિજ જોડાણ નું બિલ રીડીંગ ૧૨૫૭૦ યુનિટ નું માહે તા.૧૮/૫/૨૦૨૧ ના રોજ આપેલ હતું. આમ, પ્રતિવાદી દ્વારા સદર મીટર રીડીંગ ૧૨૫૭૦ નું બનાવેલ, તે બિલમાં સુધારો કરી ૧૩૧૯૭ યુનિટ નું બિલ બનાવવું અને તેમાંથી લોકના ૧૧૪ યુનિટ બાદ કરી, પ્રે–રેટા મુજબ તા.૧૪/૯/૨૦૦૯ થી ગણતરી કરી રીવાઈઝડ બિલ કરી વાદીને આપવું. જે રકમ વાદીએ ભરવાપાત્ર થાય છે.

૩.૪ આમ, વાદીએ થતી ભરવાપાત્ર રકમ ના કુલ ચાર સમાન હપ્તામાં ભરી આપવાનો નિર્ણય કરવામાં આવે છે. જે રકમ જે તે મહિના ના વિજ બિલ સાથે ભરપાઈ કરવાની રહેશે. તેમજ અગાઉના બિલો ઉપર જો, પ્રતિવાદી દ્વારા ડીપીસી ચાર્જ લગાડેલ હોય તો, સદર ડીપીસી ચાર્જ માફ કરવાની કાર્યવાહી કરવી,તથા તા.૧૪/૯/૨૦૦૯ ના રોજ આપેલ વિજ જોડાણ ના વિલંબ થી કરેલ બિલીંગ માટે પીજીવીસીએલ ના કર્મચારી/અધિકારીની જવાબદારી નકકી કરીને યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી કરવી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ તેમજ ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ. મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૯/૦૧/૨૦૨૨.